This Question Paper consists of 31 questions and 8 printed pages.
આ પ્રશ્નપત્રમાં 31 પ્રશ્નો અને 8 છપાયેલાં પૃષ્ઠો છે:

Roll No.
રોલ નંબર

Code No. **49/S/O/G**
કોડ નં.

Set **A**

# GUJARATI
(ગુજરાતી)
**(207)**

**Day and Date of Examination** ____________________
(પરીક્ષાનો વાર અને તારીખ)
**Signature of Invigilators** 1. ____________________
(નિરીક્ષકની સહી)
2. ____________________

**સામાન્ય નિર્દેશ :**

1. વિદ્યાર્થી તેનો રોલ નંબર પ્રશ્નપત્રના પહેલા પાને લખે.
2. પહેલાં પ્રશ્નપત્રને ચકાસી લેવું. પ્રર્નપત્રમાં આપેલાં કુલ પાનાં અને પ્રશ્નોની સંખ્યા એટલી જ છે જેટલી પ્રથમ પાના ઉપર છે તે જોઈ લેવું અને પ્રશ્નો ક્રમવાર છે કે નહીં તે ચકાસી લેવું.
3. બહુવિકલ્પીય પ્રશ્નોના વિકલ્પો દા.ત. (A), (B), (C) અથવા (D) માંથી જે ઉત્તર લખવો હોય તેને આપેલી ઉત્તર પુસ્તિકામાં લખવો.
4. બહુવિકલ્પીય પ્રશ્નોની સાથે બધા પ્રશ્નોના ઉત્તર નિર્ધારિત કરેલા સમયમાં આપવા. બહુવિકલ્પીય પ્રશ્નો માટે અલગથી સમય નહીં આપવામાં આવે.
5. ઉત્તર પુસ્તિકામાં નિર્દેશ કરેલ સ્થાન સિવાય બીજા કોઈ પણ સ્થાને રોલ નંબર તથા અન્ય ચિહ્ન લખવાથી પરીક્ષાર્થીને અયોગ્ય ઠરાવવામાં આવશે.
6. પોતાની ઉત્તર પુસ્તિકા પર પ્રશ્નપત્રની કોડ સંખ્યા **49/S/O/G** લખવી.

# GUJARATI

## (ગુજરાતી)

## (207)

સમય : **3** કલાક ] [ કુલ ગુણ : **100**

સૂચના :

1. બધા પ્રશ્નો **અનિવાર્ય** છે અને પ્રત્યેક પ્રશ્નની સામે અંક આપેલા છે.
2. બહુવિકલ્પીય પ્રશ્નો માટે **એક-એક** ગુણ નિર્ધારિત છે.
3. બહુવિકલ્પીય પ્રશ્નોત્તર લખવા માટે વધારાનો સમય આપવામાં નહીં આવે. બધા પ્રશ્નો આપેલા સમયમાં એક સાથે કરવાના છે.

---

**1.** કુંભ મેળો દર __________ ભરણ છે. **1**

(A) પાંચ વર્ષે (B) બાર વર્ષે
(C) સાત વર્ષે (D) દસ વર્ષે

**2.** ફરિયાદ કરવા આવેલી ગોપિઓને જશોદા માતા જવાબ આપે છે કે : **1**

(A) મારો કાનજી શાળામાં હતો. (B) મારો કાનજીતો ઘરમાં હતો.
(C) મારો કાનજીતો બહારગામ ગયો હતો. (D) મારો કાનજીતો ગાયુ ચરાવવા ગયો હતો.

**3.** પોતાના પિયરઘરમાં જઈને નાયિકા **1**

(A) સોફા પર બેઠી (B) હીંચકા પર બેઠી
(C) પલંગ પર બેઠી (D) ખુરશી પર બેઠી

**4.** નાયક કયા દાવપેંચ જાણતા હતાં ? **1**

(A) કુસ્તીના (B) મગજના
(C) દંડબેઠના (D) ચિત્ત કરવાના

**5.** માનવીએ પ્રત્યેક પળે સામેની વ્યક્તિ સાથે : **1**

(A) અભિમાન સાથે વર્તવું જોઈએ (B) અધિકારથી વર્તવું જોઈએ
(C) આત્મગૌરવ સચવાય તેન વર્તવું (D) પોતાના કરતાં ઉતરતા સમજીને વર્તવું

**6.** પત્રમાં 'પ્રિય' સંબોધનનો પ્રયોગ : **1**

(A) પ્રધાનાચાર્ય માટે કરાય (B) અધિકારી માટે કરાય
(C) પિતાજી માટે કરાય (D) મિત્ર માટે કરાય

**7.** તમતમતા તડકાને કારણે સડકો **1**

(A) ઠંડી થઈ ગઈ છે (B) ચગદાઈ ગઈ છે

(C) સુંવાળી થઈ ગઈ છે (D) ભીની થઈ ગઈ છે

**8.** હરિયો 'હરિભાઈ' ક્યારે થયો ? **1**

(A) પરણયો ત્યારે (B) ભણયો ત્યારે

(C) પેરિસ ગયો ત્યારે (D) ફ્રેન્ચસાહેબ ને મળ્યો ત્યારે

**9.** ચંબેલી પતંગિયા પાસે શું માંગે છે ? **1**

(A) ફૂલની સુવાસ (B) પાંખો માગે છે

(C) રૂપ માંગે છે (D) દેહ માંગે છે

**10.** દેવશંકરને લાડુની યાદ આવતાં શું થયું ? **1**

(A) ઘૃણા થઈ (B) રોગ યાદ આવ્યો

(C) ગુસ્સો આવ્યો (D) મોમાં પાણી આવ્યું

**11.** હિટલર કોણ હતો ? **1**

(A) જર્મનીનો સરમુખ્ત્યાર (B) બ્રિટેનનો મહારાજા

(C) યુરોપનો એલચી (D) અમેરિકાનો પ્રમુખ

**12.** 'સમજ્યો છૂટ્યો રણથી' - આમાંનો અલંકાર **1**

(A) ઉત્પ્રેક્ષા (B) અંત્યાનુપ્રાસ

(C) રૂપક (D) ઉપમા

**13.** 'આસોપાલવ' શેનું પ્રતીક છે ? **1**

(A) આનંદનું (B) ઉન્માદનું

(C) ઉલ્લાસનું (D) માંગલ્યનું

**14.** લેખક કયા મહિનામાં પ્રયાગરાજની યાત્રા કરે છે ? **1**

(A) શ્રાવણ (B) માગશર

(C) વૈશાખ (D) કાર્તિક

15. કવિ કહે છે કે જન્મ અને મૃત્યુ જીવનનો ક્રમ છે. માટે 1

(A) સારાં કર્મ કરવા (B) મૃત્યુને હિંમતથી સ્વીકારવું

(C) પાપ કર્મથી દૂર રહેવું (D) ઈશ્વરનું નામ લેવું

16. દુનિયાના છ શ્રેષ્ઠ ઑલરાઉન્ડરમાં વિનું માંકડની ગણના કોણે કરી - 1

(A) ગેરી સોબર્સ (B) લેટ હટને

(C) સુનીલ ગાવસ્કર (D) ઈયાન ચૈપલ

17. 'હાઈકુ' માં કુલ કેટલા અક્ષર હોય છે ? 1

(A) 15 (B) 20

(C) 27 (D) 17

18. ''રસ્તા વસંતના'' __________ છે. 1

(A) ઊર્મિગીત છે (B) પદ

(C) ગઝલ (D) પ્રકૃતિ વર્ણન

19. ગાંધીજીની સમાધિ __________ માં છે. 1

(A) રાજઘાટ (B) વિજયઘાટ

(C) શાન્તિવન (D) શક્તિસ્થલ

20. ઘરમાં થતાં કોલાહલને મોટાભાઈએ કોની સાથે સરખાવ્યો છે ? 1

(A) યુરોપના યુદ્ધના કોલાહલ સાથે (B) બીજા વિશ્વયુદ્ધના કોલાહલ સાથે

(C) શાળાની રિસેસમાં થતાં કોલાહલ સાથે (D) ટેસ્ટમેચમાં થતાં કોલાહલ સાથે

21. (ક) નીચે આપેલ પ્રશ્નોમાંથી કોઈપણ ત્રણ પ્રશ્નોના જવાબ આપો. 6

(i) ગૌરી કોણ હતી ? તેણે પોતાનો કયો દાવો રજૂ કર્યો ?

(ii) 'સૂર્યનું સેવન' પાઠના આધારે શિયાળાની સવારનું વર્ણન કરો.

(iii) શંકરલાલે કહેલા શબ્દોની દેવશંકર પર શી અસર થઈ ?

(iv) ગુજરાતમાં કયા-કયા ધર્મોના લોકો વસે છે ?

(v) 'ઉત્તર તરફ પ્રયાણ' પાઠના આધારે ભગવાનની કૃપાની માનવજીવન પર શી અસર થઈ ? સ્પષ્ટ કરો.

(ખ) નીચે આપેલા પ્રશ્નોમાંથી ગમે તે **ત્રણ** સવાલોના **જવાબ એક વાક્યમાં** લખો. **3**

(i) મોટા ભાઈનો શો દાવો હતો ?

(ii) પતંગ અને દોરાના સહકારથી શું થાય ?

(iii) દેવશંકરને માસ્ટરની નોકરી કેમ સ્વીકારવી પડી ?

(iv) 'મારી મા' પાઠની નાયિકાની માની સરખામણી કોની સાથે કરી છે ?

(v) વ્યાયામ શાળાના નાયકને એક વખત શાનું આમંત્રણ મળ્યું હતું ?

**22.** (ક) નીચે આપેલા પ્રશ્નોમાંથી ગમે તે **ત્રણ** સવાલોના જવાબ લખો. **6**

(i) 'જૂનું પિયરઘર' કાવ્યનો મુખ્ય ભાવ સ્પષ્ટ કરો.

(ii) 'જગત નાગરિક' શબ્દ દ્વારા કવિ શું સુચવે છે ?

(iii) છપ્પામાં અસરકારતા અને વેધક રીતે રજુઆત માટે કવિ શું સૂચવે છે ?

(iv) જશોદાનો માતૃપ્રેમ તમારા શબ્દોમાં લખો.

(v) 'કોણ' કાવ્યના આધારે પ્રકૃતિમાં ઈશ્વર કયા-કયા રૂપે વસેલો છે ? સ્પષ્ટ કરો.

(ખ) નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ **ત્રણ પ્રશ્નોના** જવાબ લખો. **3**

(i) પુષ્પની પાંદડીએ બેસી કોણ હસે છે ?

(ii) 'તડકો' કાવ્યના કવિનું નામ લખો.

(iii) કાપડનાં વેપારી પહેલાં શું કરે છે ?

(iv) 'અવસાન-સંદેશ' કાવ્યમાં કવિ જગતનો કયો નિયમ દર્શાવે છે ?

(v) સંતનો માર્ગ કયા બે ફાંટાઓમાં વહેંચાઈ જાય છે ?

**23.** (ક) કોણ કોને કહે છે ? કોઈપણ **ત્રણ** લખો. **3**

(i) ''તમારાં આ પૈસા તો લેતાં જાવ.''

(ii) ''આમ આવો, ડાહ્યલાંના હાથમાંથી સ્પિરિટની બાટલી કોણે લઈ લીધી, તેનો ન્યાય કરો.''

(iii) ''તમારો વાળ વાંકો થાય તેમાં હું રાજી નજ હોઉં''

(iv) ''આ ગામમાં કોઈ ડૉક્ટર નથી. તું ડાક્ટર બનીશ ને.''

(v) ''ના મારે તો કુસ્તીજ કરવી છે.''

(ખ) કોઈપણ બે કાવ્ય પંક્તિઓનું ભાવસૌંદર્ય સ્પષ્ટ કરો : 6

(i) ''જગત નીમ છે જનમમરણનો, દઢ રહેજો હિંમત થી.......''

(ii) ''ત્યારે જાણી અનહદ ગતિ, નાથ મારી તમારી.''

(iii) ''પતંગિયું ને ચંબેલી ! એક થયાંને બની પરી.''

**24.** કોઈપણ બેના મુદ્દાસર ઉત્તર લખો : 6

(i) હરિયાનું પાત્રાલેખન.

(ii) દેવશંકરની લાડુ લોલુપતા

(iii) 'ઈટાં ના સાતરંગ' શીર્ષકની યથાર્થતા સ્પષ્ટ કરો.

**25.** કોઈપણ એક વિષય વિશે આશરે ૨૦૦ શબ્દોમાં નિબંધ લખો. 10

(ક) મારો યાદગાર પ્રવાસ

(ખ) સમાજમાં ફેલાયલો ભ્રષ્ટાચાર

(ગ) માતૃપ્રેમ

(ઘ) હોળી આવી, રંગો લાવી

(ઙ) જો પરીક્ષાઓ ન હોય તો ...........

**26.** તમારો મિત્ર વધુ અભ્યાસ માટે પરદેશ જાય છે. તેને અભિનંદન આપતો અને શુભેચ્છા પાઠવતો પત્ર લખો. 8

**અથવા**

ઉનાળાની રજાઓમાં તમારા મિત્રને ગુજરાત ભ્રમણનું નિમંત્રણ આપતો પત્ર લખો.

**27.** (ક) કોઈપણ એકનો વિચાર-વિસ્તાર કરો : 6

''મિત્ર એવો શોધવો જે ઢાલ સરીખો હોય

(ખ) સુખમાં પાછળ પડી રહે અને દુખમાં આગળ હોય.''

મા તે મા બીજા બધા વગડાનાં વા.

28. નીચે આપેલા ફકરાને ધ્યાનપૂર્વક વાંચી પૂછાયેલા સવાલોના જવાબ લખો : **5**

ફકરો :

સાધુ જ્યારે ગામડાંમાં વિચરે ત્યારે ગ્રામદેવતાના મંદિરમાં અગર કોઈ ઝાડ તળે પોતાની ધૂણી નાખે. ત્યાં તેની પાસેથી ગામનાં છોકરાંઓને વાર્તાઓ દ્વારા લોકજીવનનું અને ભૂગોળનું જ્ઞાન મળે; વેપારીઓને વેપારની માહિતી મળે, શૂરવીરોને પોતાની બહાદુરીની કદર ક્યાં થઈ શકે તેમ છે તે જાણવાનું મળે, ગામની ડોશીઓના વૈદકના જ્ઞાનમાં ઉમેરો થાય, દુનિયાના રોગ મટે, અને ઘણી વાર ગામના જૂના મંદિર કે ધર્મશાળાનો જીર્ણોદ્ધાર પણ થાય. પતંગિયું જેમ એક ફૂલ ઉપરથી બીજા ફૂલ ઉપર બેસી ઝાડને સુફલિત કરે છે, તેમ સાધુઓ એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં વિચરીને સંસ્કૃતિની આપ-લે કરનારા વણજારા બને છે અને દેશદેશ સંસ્કૃતિની પેંઠો ઉઘાડે છે. સમાજના ઉચ્ચ અને સંસ્કારી વર્ગના લોકો ગૃહ લોલુપ થયા, સંયમનો સ્વાદ તેમનામાંથી લોપ પામ્યો, અને તેથી સાધુવર્ગમાંથી પણ સારા લોકો ઓછા થયા, સમાજ આળસુ, વિષયાસત્તા અને લાલચુ બન્યો; સાધુની કદર કર્યા વગર, ધર્મનું પુણ્ય ખીસામાં પડે એટલા જ હેતુથી, સાધુઓનું પાલન થવા લાગ્યું તેથી તે વર્ગ પણ સમાજના જેટલો જ નીચે પડ્યો.

**પ્રશ્નો** :

(i) સાધુઓ પોતાનું નિવાસસ્થાન ક્યાં રાખતા ?

(ii) સાધુઓ કોને કોને શેનું જ્ઞાન આપતાં ?

(iii) સાધુઓને કોની સાથે સરખાવવામાં આવ્યા છે ?

(iv) સાધુવર્ગમાંથી સારા લોકો કેમ ઓછા થયા ?

(v) સાધુઓનું પાલન કયા હેતુથી થવા લાગ્યું ?

29. તમે ગદ્ય અને પદ્યનો અભ્યાસ કરો છો ત્યારે નીચેના મુખ્ય મુદ્દાઓ ક્રમિક રૂપે રજૂ થતા હોય છે. તો નીચે આપેલી જગ્યામાં સાંકળી (ફ્લો) આલેખમાં તે મુદ્દાઓને દર્શાવો. **3**

| | | |
|---|---|---|
| (i) ભૂમિકા૨. | (ii) હેતુ | (iii) પ્રવૃતિ |
| (iv) મૂળપાઠ | (v) પ્રારંભિક પ્રશ્નો | (vi) સમજૂતી |
| (vii) સાહિત્ય સ્વરૂપ | (viii) સ્વાધ્યાય | (ix) ઉત્તર |

30. સૂચના મુજબ લખો.

(ક) વિરુદ્ધાર્થી લખો. (ગમે તે બે) **2**

પ્રાચીન, અતીત, પૂર્વ, પસંદગી

(ખ) સમાનાર્થી લખો. (ગમે તે બે) **2**

વૃક્ષ, રવિ, સરિતા, શત્રુ

(ગ) સંધિ-વિચ્છેદ કરો : (ગમે તે બે) **2**

મનોકામના, મહેશ્વર, વાગ્દાન, ઉત્તરાયણ

(ઘ) રૂઢિપ્રયોગોના અર્થ લખો. (ગમે તે બે) **2**

ઝાઝા હાથ રળિયામણા, ગરજવાને અક્કલ ન હોય,

મતિ મારી જવી, ભાવવિભોર થવું.

(ઙ) શબ્દસમૂહ માટે એક શબ્દ લખો : (ગમે તે બે) **2**

દેવોની નદી, જમીન પર સૂઈને પ્રણામ કરવા તે,

કોઈપણ મંદિર કે તીર્થસ્થાનની ચોતરફ ફરવું તે,

રાજા-મહારાજાઓની પ્રશસ્તિ ગાનારી એક જાતિ

**31.** નીચેના મુદ્દા ધ્યાનપૂર્વક વાંચી તે પરથી વાર્તા લખો : **5**

એક સૈનિક __________ યુદ્ધકેદી __________ કેદમાં બધી સગવડ છતાં દુ:ખી __________ કેદમાંથી મુક્તિ __________ વતનમાં પાછા ફરવું __________ બજારમાં જવું __________ પાંજરામાં પૂરેલાં પક્ષીઓ જોવાં __________ દુ:ખી થવું __________ ફેરિયા પાસેથી બધાં પક્ષી ખરીદીને મુક્ત કરવાં __________ ઉપદેશ.

- o O o -